દાખલ તારીખ : ૧૦.૦૩.૨૦૨૬
નોંધ્યા તારીખ : ૧૦.૦૩.૨૦૨૬
નિર્ણય તારીખ : ૧૬.૦૩.૨૦૨૬
મુદત : વર્ષ–૦૦, માસ–૦૦, દિવસ–૦૬

==================================================

**ગીર સોમનાથ જિલ્લાના મહે. એડી. સેશન્સ જજ (શ્રી જે. જે. પંડયા સાહેબ)ની કોર્ટમાં,મુ. વેરાવળ**

==================================================

**ફો. પ. અ. નં.૧૧૫/૨૦૨૬**
**આંક–**

**ઇમ્તીયાઝભાઇ ઉર્ફે રીયાન આરીફભાઇ પટણી**
ઉ. વ. આ. ૨૬, ધંધો.મજુરીકામ,
રહે. વેરાવળ, ઠે. ૮૦ ફુઠ રોડ, મકબુલ પાન પાસે ગલીમાં,
તા. વેરાવળ જી. ગીર સોમનાથ.
હાલ. જીલ્લા જેલ, જુનાગઢ. **...... અરજદાર**

**વિરૂઘ્ધ**

**૧. શ્રી સરકાર**

**૨. મુળ ફરીયાદી**

**...... સામાવાળાઓ**

---

અરજદાર તરફે વિ. વ.શ્રી એસ. એસ. પંજા
શ્રી સરકાર તરફે વિ.પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે.ડી. વાળા

---

**:: બી. એન. એસ. એસ.ની કલમ–૪૮૩ મુજબ રેગ્યુલર જામીન અરજી ::**

**:: જજમેન્ટ ::**

(૧) આ કામના અરજદાર/આરોપી સુત્રાપાડા પો.ગુ.નં.૧૧૧૮૬૦૦૬૨૬૦૧૫૮/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતા ની કલમ–૭૫, ૭૮ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ–૧૨,૧૮ તથા એટ્રોસીટી એકટની કલમ–૩(૧)(ડબલ્યુ), ૩(૨)(૫) મુજબના ગુના સબબ જયુડીશ્યલ કસ્ટડીમાં હોય, તેઓએ જામીન ઉપર મુકત થવા

માટે હાલની અરજી બી. એન. એસ. એસ. ની કલમ–૪૮૩ હેઠળ દાખલ કરેલ છે.

(૨) અરજદારની અરજી સંબંધે સરકારશ્રીને નોટીશ કરવામાં આવતા સરકાર તરફે વિ. પબ્લીક પ્રોસીકયુટર શ્રી કે. ડી. વાળા તથા હાજર થયેલ છે.

(૩) અરજદાર/આરોપી તરફે વિ.વ.શ્રી એસ. એસ. પંજાની દલીલ છે કે, ફરીયાદી ભોગબનનારની માતા છે. ભોગબનનારને અરજદાર સાથે પ્રેમ થઇ ગયેલો અને ગીફટ આપી જતા હતા, તેવુ તેણીએ ફરીયાદમા લખાવેલ છે. ભોગબનનાર અને આરોપી એક જ કંપનીમાં કામ કરતા હતા અને પ્રેમ સંબંધ થઇ ગયેલો. ફરીયાદ મુજબ ભોગબનનાર જાતે તેના ઘરની વંડી કુદીને તેની માતાના ઘરેથી નિકળી ગયેલ અને અમારા ઘરે આવી ગયેલ. અમારી માતાએ તેણીને સમજાવેલી અને તેના ઘરે જતા રહેવાનું કહેલુ તો પણ તે માનેલી નહીં. જેથી અમારી માતાએ વન સ્ટેપ સખીમંડળમા ફોન કરેલો અને ભોગબનનારને લઇ ગયેલ. ભોગબનનાર તેના માતા–પિતા સાથે જવા તૈયાર ન હોય, પોલીસે શીશુમંગલ સંસ્થામા મોકલી આપેલ. ભોગબનનાર અમારા પ્રેમમા એકતરફી પાગલ હોય, ઘર છોડીને અમારે ત્યાં આવી ગયેલ, અમારો કોઇ દોષ નથી. અમારી ઉપર ફરીયાદમાં જે આક્ષેપ છે, તે ચુંબન કરવાનો છે. અમારો કોઇ ગુનાહીત ઇતિહાસ નથી, સ્થાનીક રહેવાસી છે, નામ. કોર્ટમાં હાજર રહીશુ, જેથી જામીન ઉપર મુકત કરવા વિનંતી છે.

(૪) ફરિયાદપક્ષે ફરીયાદીને નોટીશ કરતા તા.૧૨.૦૩.૨૦૨૬ ના રોજ નોટીશ બજી ગયેલ છે, પરંતુ ફરીયાદી જાતે હાજર રહેલ નથી. આ ઉપરાંત ત. ક. અધિકારીને નોટીશ બજી ગયેલ છે, પરંતુ ત. ક. અધિકારી સુનાવણીના દિવસે એટલે કે તા.૧૨.૦૩.૨૦૨૬ ના રોજ હાજર રહેલ નથી કે સોગંદનામુ રજૂ કરેલ નથી અને વિ. પી. પી. શ્રીની વિનંતીથી ન્યાયના હીતમાં આજરોજ સુનાવણી માટે મુલતવી રાખવામાં આવેલ, પરંતુ આજરોજ પણ ત. ક. અધિકારી હાજર રહેલ નથી, જેથી વિ. પી. પી. શ્રીએ ફરીયાદ મુજબ દલીલ કરેલ છે કે, ભોગબનનારને

આરોપી ભગાડીને લઇ ગયેલ છે, પ્રેમ સંબંધ બાંધવાનું નાટક કરેલ છે અને આરોપી મુસ્લીમ હોય, ફરીયાદીની દિકરીને નાસ્તો, મેકઅપ અને કપડા આપીને પ્રેમજાળમા ફસાવી, ભગાડી ગયેલ હોય, અરજી નામંજુર કરવા વિનંતી છે.

(૫) બન્ને પક્ષકારોના વિ. વ. શ્રીની દલીલો તથા ફરીયાદને ધ્યાને લેતા, ફરીયાદમાં એવી હકીકત લખાવેલ છે કે, રાત્રીના ચાર વાગ્યાની આસપાસ અમારા મકાનની દિવાલ કોઇએ ઠેકેલ હોવાનો અવાજ આવતા હું જાગી ગયેલ અને જોયુ તો મારી દિકરી મારી સાથે નહોતી. મારી દિકરીને આરોપી સાથે પ્રેમ સંબંધ હોય, અવાર નવાર ફોન ઉપર વાત કરતી હોય અને એક વખત મારી દિકરીને ચુંબન કરી લીધુ અને મારી આ દિકરીને નાસ્તો, મેકઅપ અને કપડા આપી, પ્રેમજાળમા ફસાવી, ભગાડી ગયેલ છે. આમ, ફરીયાદ મુજબ અરજદાર અને ભોગબનનાર વચ્ચે પ્રેમ સંબંધ હોય, ભોગબનનારની ઉંમર ૧૭ વર્ષ અને ૪ માસની છે. આરોપીના વિ. વ. શ્રીનું એવુ કથન છે કે, ભોગબનનાર અરજદારના એકતરફી પ્રેમમા હોય અને પોતાની મેળે આવી ગયેલ છે અને અમારી માતાએ તેણીને સમજાવેલી અને તેના ઘરે જતા રહેવાનું કહેલુ તો પણ તે માનેલી નહીં. જેથી અમારી માતાએ વન સ્ટેપ સખીમંડળમા ફોન કરેલો અને ભોગબનનારને લઇ ગયેલ. ભોગબનનાર તેના માતા–પિતા સાથે જવા તૈયાર ન હોય, પોલીસે શીશુમંગલ સંસ્થામા મોકલી આપેલ. હાલના કામે તપાસના કાગળો સાથે ત. ક. અધિકારી હાજર રહેલ નથી કે સોગંદનામું રજૂ કરેલ નથી તેમજ ફરીયાદી પણ હાજર રહેલ નથી ત્યારે આરોપીના વિ. વ. શ્રી જે હકીકત જણાવે છે કે, તેની ખરાઇ થઇ શકે તેમ નથી અને ભોગબનનારે પોતાના નિવેદનમાં શું હકીકત જણાવેલ છે, તે હકીકત પણ રેકર્ડ ઉપર આવી શકેલ નથી ત્યારે ભોગબનનાર અને આરોપી વચ્ચે પ્રેમ સંબંધ હોય અને ભોગબનનારની ઉંમર તેણીની માતાએ જણાવ્યા મુજબ ૧૭ વર્ષ અને ૪ માસની હોય, ત્યારે ભોગબનનારની મરજી વિરૂધ્ધ કોઇ કૃત્ય કરવામાં આવેલ હોય તેવુ રેકર્ડ ઉપર આવેલ ન હોય, જેથી

અરજદારને લાંબો સમય જેલમાં રાખવામાં આવે તો અને ટ્રાયલમા નિર્દોષ છુટે અને કોઇ બળજબરીપુર્વક કૃત્ય કરવામાં આવેલ ન હોય, તેવુ સાબિત થાય છતાં વિના કારણે જેલમાં રહેવુ પડે અને અરજદારે ભોગબનાર સાથે શરીર સંબંધ બાંધેલ છે, તેવો કોઇ આક્ષેપ નથી, આરોપીનો કોઇ ગુનાહીત ઇતિહાસ ન હોય, અરજદારને યોગ્ય શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**:: આખરી હુકમ ::**

(૧) અરજદાર/આરોપીની બી. એન. એસ. એસ. એકટની કલમ-૪૮૩ અન્વયે જામીન ઉપર મુકત થવાની હાલની અરજી **મંજૂર** કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપી **ઇમ્તીયાઝભાઇ ઉર્ફે રીયાન આરીફભાઇ પટણી,**ઉ. વ. આ. ૨૬, ધંધો.મજુરીકામ, રહે. વેરાવળ, હે. ૮૦ ફુઠ રોડ, મકબુલ પાન પાસે ગલીમાં,તા. વેરાવળ જી. ગીર સોમનાથવાળાને સુત્રાપાડા પો.ગુ.નં.૧૧૧૮૬૦૦૬૨૬૦૧૫૮/૨૦૨૬ થી ભારતીય ન્યાય સંહિતાની કલમ-૭૫, ૭૮ તથા જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ ની કલમ-૧૨,૧૮ તથા એટ્રોસીટી એકટની કલમ-૩(૧)(ડબલ્યુ), ૩(૨)(૫) મુજબના ગુનાના કામે અરજદાર/ આરોપીએ **રૂા.૧૫,૦૦૦/-(અંકે રૂપિયા પંદર હજાર)** પુરાના સદ્ધર જામીન અને તેટલી જ રકમના જાત મુચરકા આપ્યેથી, તેઓને નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શરતો ::**

૧) અરજદાર/આરોપીએ તેમની સામેનો કેસમાં અદાલતમાં દરેક મુદતે નિયમિત હાજર રહેવુ.

**૨)** અરજદાર/આરોપીએ આ કેસનો નિકાલ ન થાય ત્યાં સુધી કોર્ટની પરવાનગી સિવાય ભારત દેશની હદ છોડવી નહી.

**૩)** અરજદાર/આરોપીએ તેમને મળેલ સ્વતંત્રતાનો દુરૂપયોગ કરવો નહી કે ફરિયાદપક્ષના પુરાવા સાથે ચેડા કરવા નહીં કે ફરિયાદપક્ષના સાહેદોને લોભ–લાલચ, ધાક–ધમકી કે અન્ય કોઈપણ પ્રકારે પ્રલોભન આપી ફોડવાનો પ્રયત્ન કરવો નહીં.

**૪)** અરજદાર/આરોપીએ પોતાનું કાયમી રહેઠાણનું સરનામું મોબાઈલ નંબર સહિત રજૂ કરવુ અને તેમાં કોઇ ફેરફાર થાય તો કોર્ટને જાણ કરવી.

**(૩)** અરજદાર/આરોપીએ જામીન તથા જાતમુચરકા અત્રેની કોર્ટ સમક્ષ રજૂ કરવા.

**(૪)** અરજદાર/આરોપી હાલ જેલમા હોય, તેઓને આ હુકમની જાણ કરતી યાદી, સંબંધિત જેલ ઓથોરીટીને ઇમેઇલ દ્વારા કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

Digitally signed by JIGNESH JAGDISHCHANDRA PANDYA on 16/03/2026 11:37:07 IST.

તા.૧૬/૦૩/૨૦૨૬
સ્થળ : વેરાવળ.

**(જીજ્ઞેશ જગદિશચંદ્ર પંડયા)**
એડી. સેશન્સ જજ
ગીર સોમનાથ,વેરાવળ
કોડ નં.જીજે૦૦૭૫૬

K.R.A.